# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-12-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

***************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મણિપુરની બે દિવસની મુલાકાતે ઇમ્ફાલ જશે.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહના ભાષણની પ્રશંસા કરી
3. પેટ્રોલમાં 20 ટકા ઇથેનોલ મિશ્રણના ઉપયોગને કારણે ભારતના કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં 736 લાખ મેટ્રિક ટનનો ઘટાડો
4. ગુજરાતમાં ગાંધીનગર ખાતે એ આઈ ઇમ્પેકટ રિજનલ કોન્ફરન્સમાં ગુજરાત AI Stack અને ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઇડલાઇન્સ 2025 લોન્ચ.. બે કરાર પર હસ્તાક્ષર
5. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી T20 ક્રિકેટ મેચ આજે ચંદીગઢ ખાતે રમાશે

...................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## PREZ MANIPUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મણિપુરની બે દિવસની મુલાકાતે ઇમ્ફાલ પહોંચશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ રાજ્યમાં યોજાનારી ઔપચારિક અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં ભાગ લેશે.

## વોઈસ કાસ્ટ - મિત્ર્નાની

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM - AMIT SHAH LS SPEECH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે લોકસભામાં ચૂંટણી સુધારા પર ચર્ચા દરમિયાન ગૃહમંત્રી અમિત શાહના ભાષણની પ્રશંસા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, શ્રી શાહે દેશની ચૂંટણી પ્રક્રિયાના વિવિધ પાસાઓ અને ભારતીય લોકશાહીની મજબૂતાઈને નક્કર તથ્યો સાથે ઉજાગર કરી, વિપક્ષના કથિત જુઠ્ઠાણાઓનો પર્દાફાશ કર્યો.

લોકસભામાં પોતાના ભાષણમાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું, કે બંધારણ ચૂંટણી પંચને મતદાર યાદીઓ તૈયાર કરવાની બાંહેધરી આપે છે અને ખાસ સઘન સુધારા-SIR તેની જવાબદારી છે.

SIR પર વિપક્ષના આરોપોને નકારી કાઢતા, શ્રી શાહે આરોપ લગાવ્યો કે વિપક્ષ, ખાસ કરીને કોંગ્રેસે, આ મુદ્દા પર જુઠ્ઠાણું ફેલાવ્યું છે, જેનાથી દેશ, સરકાર અને ચૂંટણી પંચની છબી ખરાબ થઈ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HM SPEECH-REACTION

કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે લોકસભામાં ચૂંટણી સુધારા પર ગૃહમંત્રી અમિત શાહના ભાષણની પ્રશંસા કરતા કહ્યું કે જે લોકો દેશના નાગરિક નથી તેઓ મતદાર ન હોઈ શકે તે આ ભાષણનો સાર છે.

## S/B - અર્જુન રામ મેઘવાલ (NSD WHATSAPP GROUP)

ભાજપના સાંસદ દિનેશ શર્માએ જણાવ્યું હતું કે શ્રી શાહે ચૂંટણી પંચ અને SIR પર વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવેલી ખોટી માહિતીનો યોગ્ય જવાબ આપ્યો છે. શ્રી શર્માએ યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક યાદીમાં દિવાળીના સમાવેશને ગર્વની ક્ષણ તરીકે પણ ઓળખાવી હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS-ETHANOL

કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે પેટ્રોલમાં 20 ટકા ઇથેનોલ મિશ્રણના ઉપયોગને કારણે ભારતના કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં 736 લાખ મેટ્રિક ટનનો ઘટાડો થયો છે.

આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી ગડકરીએ જણાવ્યું હતું કે, ઇથેનોલ એક ગ્રીન ઇંધણ છે અને તે પ્રદૂષણ ઘટાડે છે અને ખેડૂતોની આવક વધારવામાં મદદ કરે છે. તેમણે કહ્યું કે, હાલમાં ભારત વાર્ષિક આશરે 22 લાખ કરોડ રૂપિયાના અશ્મિભૂત ઇંધણની આયાત કરે છે.

તેમણે કહ્યું કે, વિકસિત રાષ્ટ્ર બનવા માટે ભારતે અશ્મિભૂત ઇંધણ સ્રોતો પરના તેના આયાત બિલમાં ઘટાડો કરવાની જરૂર છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

## LS-PURI ENERGY

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું કે ઊર્જા એ અર્થતંત્રની જીવાદોરી છે અને ભારતનો ઊર્જા વપરાશ ઝડપથી વધી રહ્યો છે. આજે પ્રશ્નકાળ દરમિયાન લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી પુરીએ કહ્યું કે, આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સીએ આગામી 20

વર્ષ સુધી, વૈશ્વિક ઊર્જાની માંગમાં લગભગ 35 ટકા વધારો ભારતમાંથી થશે તેવો અંદાજ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, ભારત ઊર્જાની આયાત પર દર વર્ષે આશરે 150 અબજ ડોલર ખર્ચ કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે ઇથેનોલ માટે ફીડ્સની શરૂઆત ખાંડ અને શેરડીથી કરવામાં આવી હતી પરંતુ હવે તે મકાઈ જેવા ઓછા પાણીવાળા પાક તરફ વળ્યું છે. આ ખરીદીના પરિણામે ખેડૂતોને વાર્ષિક આશરે 40 હજાર કરોડ રૂપિયા આપવામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

ડેસ્ક

# AI REGIONAL CONCLOVE

ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય હેઠળનું **IndiaAI** મિશન, ગુજરાત સરકાર અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીના સહયોગથી ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં પ્રાદેશિક પ્રી-સમિટ ઇવેન્ટ યોજાઇ હતી

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી **A.I.** ઇમ્પેકટ રિજનલ કોન્ફરન્સમાં ગુજરાત **AI Stack,** ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઇડલાઇન્સ લોન્ચ કરાયા હતા.. આ કાર્યક્રમમાં બે મહત્વપૂર્ણ **MoU** પર હસ્તાક્ષર થયા હતા જેમાં ગુજરાત સરકાર – **Google – BHASHINI:** બહુભાષીય **AI,** ગુજરાતી ભાષા મોડેલો અને ડિજિટલ પબ્લિક સર્વિસિસ માટે વ્યૂહાત્મક ભાગીદારી કરશે.

જ્યારે ગુજરાત સરકાર – **GIFT City – Henox:** રાજ્યમાં **Cable Landing Station (CLS)** સ્થાપવા માટે **MoU,** થી ગુજરાત વૈશ્વિક ડિજિટલ કનેક્ટિવિટી નું કેન્દ્ર બનશે અને ગ્રીન ડેટા ડેટા સેન્ટર્સને બળ પુરુ પાડશે તેમ મુખ્યમંત્રીએ કહ્યું હતું.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

. . . . . . . . . . . . . . . . . . . . . . .

## SC - AI COMMITTEE

મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાન્તે ન્યાયતંત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા -AI સાધનોને અપનાવવા, તેના વિકાસ અને અમલીકરણ સંબંધિત પહેલની દેખરેખ માટે સર્વોચ્ચ અદાલતની કૃત્રિમ બુદ્ધિમત્તા અંગેની સમિતિનું પુનર્ગઠન કર્યું છે.

પાંચ સભ્યોની આ સમિતિની અધ્યક્ષતા ન્યાયાધીશ પી.એસ. નરસિંહ કરશે. પુનર્ગઠિત સમિતિનો હેતુ ન્યાયિક પ્રણાલીમાં કાર્યક્ષમતા, સુલભતા અને પારદર્શિતા વધારવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM TRIBUTE - PRANAB MUKHERJEE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાષ્ટ્રપતિ ભવનમાં દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને તેમની જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી. પ્રણવ મુખર્જી ભારતના ૧૩મા રાષ્ટ્રપતિ હતા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ દાયકાઓના જાહેર જીવનમાં અતૂટ

સમર્પણ સાથે દેશની સેવા કરી અને તેમની બુદ્ધિ અને વિચારની સ્પષ્ટતાએ દેશની લોકશાહીને સમૃદ્ધ બનાવી હોવાનું કહ્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં પૂર્વ રાષ્ટ્રપતિને જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં બંધારણની ગહન સમજ શ્રી મુખર્જીના જાહેર કાર્યકાળને વ્યાખ્યાયિત કરે છે તેમ કહ્યું હતું. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિનું જીવન અને કાર્યો દેશની લોકશાહી યાત્રાને પ્રેરણા આપતા રહેશે તેમ વધુમાં જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SUPRIYA SAHU-AWARD

તમિલનાડુના પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને વન વિભાગના અધિક મુખ્ય સચિવ સુપ્રિયા સાહુએ સંયુક્ત રાષ્ટ્ર સંઘના પર્યાવરણ કાર્યક્રમ 2025 નો ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ જીત્યો છે.

સુપ્રિયા સાહુએ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડતી વખતે સંવેદનશીલ સમુદાયોનું રક્ષણ કરવા માટે સંકલિત શાસન અને પ્રકૃતિ આધારિત ઉકેલો કેવી રીતે શક્ય છે તે દર્શાવવા માટે વિવિધ પહેલ કરી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બીજી T20 ક્રિકેટ મેચ આજે સાંજે 7 વાગ્યે ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમ પાંચ મેચની T20 શ્રેણીમાં
1-0થી આગળ છે. કટકમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે, દક્ષિણ આફ્રિકાને 101 રનથી હરાવ્યું હતું. હાર્દિક પંડ્યાની વાપસીથી ટીમ મજબૂત બની છે. વાઇસ-કેપ્ટન શુભમન ગિલે પણ ટીમમાં વાપસી કરી છે.

શ્રેણીની ત્રીજી મેચ ધર્મશાળામાં, ચોથી લખનૌમાં અને અંતિમ મેચ અમદાવાદમાં રમાશે.

. . . . . . . . . . . . . . . .